વંચાણે લીધા :

(૧) પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્માંક: ગ/ઉપક/ટ્રાફીક/૪૮૧/૨૦૧૬ તા.૨૩/૫/૧૬

(૨) પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્માંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૧/૨૦૧૭ તા.૧૫/૪/૧૭

## જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્માંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૩૦ /૨૦૧૮**

**તા.૨૧ /૯ /૨૦૧૮**

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત સાબરમતી જનપથ હોટલ ટી થી દેવપ્રિયા એપાર્ટમેન્ટ મોટેરા ગામ સુધીનો રસ્તા પર તા.૨૦/૦૯/૨૦૧૯ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ કરવા/ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત સાબરમતી જનપથ હોટલ ટી થી દેવપ્રિયા એપાર્ટમેન્ટ મોટેરા ગામ સુધીનો નીચે પ્રમાણેનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

(૧) રથી એપાર્ટમેન્ટ BRTS બસ સ્ટેન્ડ સામેથી ચિમનભાઇ બ્રીજના ઉત્તર છેડા તરફ જતા જમણી તરફનો સર્વિસ રોડ ૯ મીટર રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**વૈકલ્પિક રુટ :** રથી એપાર્ટમેન્ટ થી ચિમનભાઇ બ્રીજ તરફ મુખ્ય રોડ ઉપરથી જઇ શકાશે.

(૨) સાબરમતી જનપથ હોટલ ટી થી દેવપ્રિયા એપાર્ટમેન્ટ મોટેરા ગામ સુધીનો રસ્તો ડીવાઇડરથી બન્ને તરફ ૪.૫ મીટર એમ કૂલ-૦૯ મીટરનો ભાગ બેરીકેડીંગ કરવાનો હોય આ રસ્તા પરથી ભારે વાહનોને પસાર થવામાં મુશ્કેલી ઉભી થાય તેમ હોય જેથી સાબરમતી જનપથ હોટલ ટી થી દેવપ્રિયા એપાર્ટમેન્ટ મોટેરા ગામ સુધીનો રસ્તો ભારે વાહનો માટે પ્રતિબંધિત રહેશે.

**વૈકલ્પિક રુટ :** જનપથ હોટલ ટી થી વિસત પેટ્રોલ પંપ થઇ જઇ શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૨૦/૯/૨૦૧૯ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/પોલીસ કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૧/૯/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૨૧/૯/૨૦૧૮
અમદાવાદ શહેર

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા